# MAHESH B. PANDIT

(B.COM.LL.B.ADVOCATE)

OFFICE :- S / 5, Saundarya Villa Shopping Center, Opp. Shukan Bunglows, Nikol - Naroda Road, Nava Nikol, Ahmedabad-380049. Mo.9376764751.


Ref.No.TC/6/2020-21 // 1 // Date : 06/10/2020

## ટાઈટલ સર્ચ રીપોર્ટ

પ્રતિ શ્રી,
**મેસર્સ માનસી ડેવલોપર્સ,** એ નામની ભાગીદારી
પેઢી તેના વતી અને તરફથી તેના વહિવટકર્તા
ભાગીદાર : **શ્રી રાજેશભાઈ બાબુભાઈ બોરડ**
રહેવાસી :- બી/૩૬, હરિકૃષ્ણ સોસાયટી,
ઠક્કરબાપાનગર બસ સ્ટેન્ડ ની પાછળ,
ઠક્કરબાપાનગર, અમદાવાદ-૩૮૨૩૫૦.

બાબત :- <u>રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદ, સબ-ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૧૧ (અસલાલી) ના વટવા તાલુકાના મોજે હાથીજણ ની સીમના બ્લોક નં. ૫૨૬/બ ની ૭૦૨૪ ચો. મીટર ક્ષેત્રફળ ની જમીનનો સમાવેશ ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૧૧૬ (રામોલ-ગેરતનગર-હાથીજણ) માં થતાં ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નં. ૪૩/૨ ની ૪૨૧૪ ચો. મીટર ક્ષેત્રફળ ની ઔધોગિક હેતુ માટેની બિનખેતીની જમીન તથા તેની સાથે જોડાયેલ તમામ પ્રકારના હક્કો, હિતો, સહિતની કુલ સઘળી બિનખેતીની જમીનનું ટાઈટલ સર્ચ રીપોર્ટ.</u>

MAHESH B. PANDIT ★ AHMEDABAD ★ ADVOCATE

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદ, સબ-ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૧૧ (અસલાલી) ના વટવા તાલુકાના મોજે હાથીજણ ની સીમના બ્લોક નં. ૫૨૬/બ ની ૭૦૨૪ ચો. મીટર ક્ષેત્રફળ ની જમીનનો સમાવેશ ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૧૧૬ (રામોલ-ગેરતનગર-હાથીજણ) માં થતાં ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નં. ૪૩/૨ ની ૪૨૧૪ ચો. મીટર ક્ષેત્રફળ ની ઔધોગિક હેતુ માટેની બિનખેતીની જમીન તથા તેની સાથે જોડાયેલ તમામ પ્રકારના હક્કો, હિતો, સહિતની

# MAHESH B. PANDIT

(B.COM.LL.B.ADVOCATE)

**OFFICE :- S / 5, Saundarya Villa Shopping Center, Opp. Shukan Bunglows, Nikol - Naroda Road, Nava Nikol, Ahmedabad-380049. Mo.9376764751.**




કુલ સધળી બિનખેતીની જમીન અંગે તેના મહેસુલ એક્ટ મુજબના કબજેદાર **મેસર્સ માનસી ડેવલોપર્સ**, એ નામની ભાગીદારી પેઢી તેના વતી અને તરફથી તેના વહિવટકર્તા ભાગીદાર : **શ્રી રાજેશભાઈ બાબુભાઈ બોરડ**, રહે. :- બી/૩૬, હરિકૃષ્ણ સોસાયટી, ઠક્કરબાપાનગર બસ સ્ટેન્ડ ની પાછળ, ઠક્કરબાપાનગર, અમદાવાદ-૩૮૨૩૫૦.નાની કબજા ભોગવટામાં આવેલી છે. અને સદરહુ કબજેદારોએ આપેલ લીગલ પેપરો તેમજ સદરહુ જમીનના ૭/૧૨, ૮અ, તેમજ ૬ ના હક્ક પત્રકની નોંધો જે આપવામાં આવેલ છે તેનું વેરીફીકેશન તેમજ સ્થળ, તપાસ અને સબ-રજીસ્ટ્રાર કચેરીમાં સર્ચ રીપોર્ટના આધારે સદરહુ જમીનનો સર્ચ રીપોર્ટ આ પ્રમાણે છે.

---

સદરહુ બ્લોક/સર્વે નંબર વાળી જમીન અંગે છેલ્લા ૩૦ વર્ષ નો રેવન્યુ રેકર્ડ અને સબ-રજીસ્ટ્રાર કચેરીમાં સર્ચ રીપોર્ટ અને કબજેદાર તથા માલિકો તરફથી આપવામાં આવેલ લીગલ પેપરો ઉપરથી જીલ્લે-અમદાવાદ, તા.વટવા, મોજે ગામ : હાથીજણ ના સર્વે નંબરો : ૧૦૧, ૧૦૪, ૧૧૪, ૧૧૫, ૧૧૬, ૧૧૭, ૧૧૯, ૧૨૦, ૧૨૧ નો બ્લોક નંબર : ૫૨૬ બનતા કુલ્લે હે.આરે.ચો.મી.૧૪-૮૪-૨૦ ક્ષેત્રફળ થયેલ જેમાં જરાયત ની હે.આરે.ચો.મી.૦૬ ૮૨ ૯૧, અને બાગાયત ની હે.આરે.ચો.મી.૦૧-૯૫-૨૭ તેમજ નવી કયારી હે.આરે.ચો.મી. ૦૬-૦૫-૦૧ અને પોત ખરાબો હે.આરે.ચો.મી.૦૦-૦૧-૦૧, અને આકાર જુડી તથા વિશેષ ધારો રૂા.૧૧૨.૯૯ પૈસા વાળી ખેતીની જમીન પૈકી હે.આરે.ચો.મી. ૦૪-૨૨-૯૦ જે સ.નં. ૧૧૪ વાળી જમીન વેચાણ આપનાર- મુર્તુજામીયા મોટામીયા, રે.હાથીજણ પાસેથી વેચાણ રાખનાર - (૧) કચરાભાઈ ભુલાભાઈ, (૨) કાકુભાઈ ભુલાભાઈ (૩) મોહનભાઈ ભુલાભાઈ (૪) અમરાભાઈ ભુલાભાઈ, ઠે. રામોલ એ વેચાણ રૂા. ૮૧,૭૩૯/- અંકે રૂપિયા એક્યાસી હજાર સાતસો ઓગણચાલીસ પુરામાં ર.દ. તા.૦૯-૦૬-૮૦ ના રોજ કરી આપવાથી ર.દ. ની નકલ રજુ કરવાથી ગામ દફતરે વેચાણ ફેરફારની નોંધ નં. ૨૯૭૪, તા.૨૬-૦૨-૧૯૮૧ ના રોજ થયેલ. જે નોંધ સક્ષમ અધિકારી દ્વારા તા.૦૫-૦૫-૧૯૮૧ ના રોજ મંજુર થયેલ. ત્યારબાદ બાકી રહેતી જમીન હે.આરે.ચો.મી. ૧૦-૬૧-૩૦ જે મુર્તુજામીયા મોટામીયા ના ભાગે રહેલ.

# MAHESH B. PANDIT

(B.COM.LL.B.ADVOCATE)

**OFFICE :- S / 5, Saundarya Villa Shopping Center, Opp. Shukan Bunglows, Nikol - Naroda Road, Nava Nikol, Ahmedabad-380049. Mo.9376764751.**




ત્યારબાદ ગામ દફતરે ફેરફાર નોંધ નં. ૩૧૬૬, તા.૦૨-૦૧-૧૯૮૪ ના રોજ એકત્રીકરણ યોજના મુજબ કે.જે.પી. તરીકે માન્ય રાખતા સર્વે નંબર : ૧૦૧, ૧૦૪, ૧૧૪, ૧૧૫, ૧૧૬, ૧૧૭, ૧૧૯, ૧૨૦, ૧૨૧ નો બ્લોક નં. ૫૨૬ થયેલ. જેનું ક્ષેત્રફળ કુલ્લે હે.આરે.ચો.મી. ૧૪-૮૪-૨૦ ક્ષેત્રફળ થયેલ જેમાં જરાયત ની હે.આરે.ચો.મી.૦૬-૮૨-૯૧, અને બાગાયત ની હે.આરે.ચો.મી.૦૧-૯૫-૨૭ તેમજ નવી કયારી હે.આરે.ચો.મી. ૦૬-૦૫-૦૧ અને પોત ખરાબો હે.આરે.ચો.મી.૦૦-૦૧-૦૧ છે.

ત્યારબાદ ગામ દફતરે ફેરફાર નોંધ નં. ૩૨૪૬, તા.૦૩-૦૭-૧૯૮૫ ના રોજ થયેલ. જે સ.નં. ૧૦૧, ૧૦૪, ૧૧૫, ૧૧૬, ૧૧૭, ૧૧૯, ૧૨૦, ૧૨૧ નો બ્લોક નં. ૫૨૬ પૈકી ની જમીનના માલીક મુરતુજામીયા મોટામીયા કાદરી એ બેંક ઓફ ઈન્ડીયા (વટવા શાખા) ના તારણમાં આપી કરજ લેવાથી બેંક નું એકરારનામું આવવાથી બેંક બોજાની બીજા હકે નોંધ થયેલ. જે એકરારનામાંથી ખાત્રી કરી સર્કલ ઓફિસર દસ્ક્રોઈએ તા. ૨૨-૦૮-૮૫ ના રોજ મંજુર કરેલ છે.

ત્યારબાદ ગામ દફતરે ફેરફાર નોંધ નં. ૩૨૫૪, તા.૦૧-૧૧-૧૯૮૫ ના રોજ સહભાગીદાર ની નોંધ થયેલ. જેમાં સર્વે નં. ૧૦૧, ૧૧૯, ૧૨૧ પૈકી ૧૦ એકર અને ૧૯ ગુંઠા અંગે બ્લોક નં.૫૨૬ પૈકી ની જમીનના માલીક મુરતુજામીયાં મોટામીયા કાદરી એ તેમના કબજા ભોગવટાની જમીનમાં તેમની વૃધ્ધાવસ્થા થવાથી ખેતીના કામકાજ માં મદદ કરતા તેમના દિકરા મહંમદઆબીદ મુરતુજામીયાં કાદરી નું સહભાગીદારમાં નામ દાખલ કરવા માટે એફીડેવીટ તા. ૨૮-૧૦-૮૫ ની રજુ કરેલ તે મુજબ અરજદારનો જવાબ લઈ સહભાગીદાર તરીકે નામ દાખલ કરવા નોંધ થયેલ. જે સર્કલ ઓફિસર દસ્ક્રોઈ એ તા.૦૩-૧૨-૮૫ ના રોજ મંજુર કરેલ છે.

ત્યારબાદ ગામ દફતરે ફેરફાર નોંધ નં.૩૩૩૮, તા.૦૨-૧૧-૧૯૮૭ ના રોજ અમદાવાદ મ્યુનિસિપલ હદમાં ફેરફાર થતા કન્વર્ઝન ટેક્ષ આકારવા બાબતની નોંધ થયેલ. જે મે. મામલતદાર સાહેબ દસ્ક્રોઈ ના નં. જમીન/કન્વ.ટેક્ષ/વશી-૩૭૭૪, તા.૦૭/૦૨/૮૭ ના પરિપત્ર મુજબ તથા નામદાર ગુજરાત સરકારશ્રીના તા.૦૫-૦૨-૮૬ ના જાહેરનામા મુજબ અમદાવાદ મહાનગર પાલિકાની નવીન વધારેલી હદ મુજબની હદથી ૫ કી.મી. ના વિસ્તારમાં આવતા હાથીજણ ગામ આખુ તમામ સર્વે નંબર/બ્લોક નંબર ની જમીનમાં ખેતી સિવાયના અન્ય ઉપયોગ સમયે જમીન

# MAHESH B. PANDIT

(B.COM.LL.B.ADVOCATE)

OFFICE :- S / 5, Saundarya Villa Shopping Center, Opp. Shukan Bunglows,
Nikol - Naroda Road, Nava Nikol, Ahmedabad-380049. Mo.9376764751.




મહેસુલ કાયદાની કલમ-૬૭-એ અન્વયે રૂપાંતર કર તા.૦૫-૦૨-૮૬ થી વસુલ લેવાને પાત્ર થાય છે અને દસ્ક્રોઈ તાલુકાની જમીનો ના પરિશિષ્ટ મુજબ હાથીજણ ગામ પુરતી જમીન અંગે ગામે નમુના નં. ૬ માં સદરહુ જમીનના બીજા હક્કમાં નોંધ રાખવા ગામના નમુના નં. ૭-૧૨ માં બીજા હક્કના કોલમમાં "આ જમીન ખેતી સિવાયના અન્ય ઉપયોગ સમય રૂપાંતર કરને પાત્ર છે" તે મતલબની સદરહુ વિસ્તાર મે.જીલ્લા કલેક્ટર સા.ના. પત્ર નં. સીબી/આરઈવી વશી-૬૫૦૧ થી ૬૫૦૭ તા.૧૯-૧૧-૮૬ અન્વયે ની સુચના અનુસાર નોંધ કરવામાં આવેલ. જે નોંધ તા.૦૫-૦૨-૮૮ ના રોજ સર્કલ ઓફિસર દસ્ક્રોઈએ પ્રમાણિત કરેલ છે.

ત્યારબાદ ગામ દફતરે ફેરફાર નોંધ નં. ૩૪૦૫, તા.૨૦-૦૭-૧૯૮૯ ના રોજ તારણ કમીની થયેલ. જે સ.નં. ૧૦૧, ૧૦૪, ૧૧૫, ૧૧૬, ૧૧૭, ૧૧૯, ૧૨૦, ૧૨૧ બ્લોક નં. ૫૨૬ જે ખાતેદાર મુસ્તુફામીયાં મોટામીયા કાદરી ને નામે ચાલે છે આ નંબરો બેંક ઓફ ઈન્ડીયા માં રૂા.૫૦૦૦/- માટે તારણ માં મુકેલી જે તારણ તા.૧૮-૦૭-૮૯ ના રોજ ચુકતે કરતાં તથા તારણ ચુકતે કર્યા બાબતનું બેંક ઓફ ઈન્ડીયા નું તા.૧૮-૦૭-૮૯ નું પ્રમાણપત્ર રજુ કરતા પ્રમાણપત્ર ને આધારે તારણ કમી કરવા નોંધ થયેલ. જે નોંધ બેંકના પત્રથી ખાત્રી કરી સર્કલ ઓફિસર દસ્ક્રોઈએ તા.૨૯-૦૯-૮૯ ના રોજ પ્રમાણિત કરેલ.

ત્યારબાદ ગામ દફતરે ફેરફાર નોંધ નં. ૩૪૦૭, તા.૦૫-૦૯-૮૯ ના રોજ તારણ ની નોંધ થયેલ. બ્લોક નં. ૫૨૬ જે ખાતેદાર મુસ્તુજામીયા મોટામીયા કાદરી વિ. ને નામે ચાલે છે તેઓએ આ નંબર રામોલ સેવા સહકારી મંડળી માં તારણ માં મુકતા તથા તે અંગેનું એકરારનામું રજુ કરતાં મંડળીનવા તારણની નોંધ થયેલ. જે નોંધ મંડળીના એકરારનામાથી ખાત્રી કરી સર્કલ ઓફિસર દસ્ક્રોઈએ તા.૧૩-૦૧-૯૦ ના રોજ પ્રમાણીત કરેલ છે.

ત્યારબાદ ગામ દફતરે ફેરફાર નોંધ નં. ૩૭૦૫, તા.૨૫-૧૧-૧૯૯૬ ના રોજ તારણ કમીની નોંધ થયેલ. જે બ્લોક નં. ૫૨૬ વાળી જમીન ખાતેદાર મુર્તુજામીયા મોટામીયા ને નામે ચાલે છે જેમાં રામોલ સેવા સહકારી મંડળી નું તારણ નોંધાયેલ છે સદર તારણ ભરપાઈ થતાં તથા ગા.નં.નં. ૭/૧૨ માં નોંધાયેલ રામોલ સેવા સહકારી મંડળી નું તારણ કમી કરવા સેવા સહકારી મંડળી નું

# MAHESH B. PANDIT

(B.COM.LL.B.ADVOCATE)

**OFFICE :- S / 5, Saundarya Villa Shopping Center, Opp. Shukan Bunglows, Nikol - Naroda Road, Nava Nikol, Ahmedabad-380049. Mo.9376764751.**




પ્રમાણપત્ર આવતાં રામોલ સેવા સહકારી મંડળીના પમાણપત્ર ને આધારે તારણ કમી કરવા નોંધ થયેલ. જે મંડળીના પત્રથી ખાત્રી કરી સર્કલ ઓફિસર દસ્ક્રોઈએ તા. ૨૪-૦૪-૯૭ ના રોજ પ્રમાણિત કરેલ.

ત્યારબાદ ગામ દફતરે વેચાણ ફેરફારની નોંધ નં. ૩૭૪૨, તા.૦૫-૦૩-૯૭ ના રોજ થયેલ. સ.નં. ૧૦૪, બ્લોક નં. ૫૨૬ પૈકી એ.ગુ. ૪-૦૩ (૧૬૪૯૧ ચો.મી.) ની જમીન વેચાણ આપનાર - મુર્તુજામીયા મોટામીયાં પાસેથી વેચાણ રાખનાર - અરજણભાઈ છગનભાઈ, વેચાણ કિંમત રૂા. ૨,૦૦,૦૦૦/- અંકે રૂપીયા બે લાખ પુરા માં તા. ૨૦-૦૧-૯૭ ના રોજ ર.દ. થી વેચાણ રાખતાં તથા સદર વેચાણ ની ગામ દફતરે નોંધ કરવા ઈન્ડેક્ષની નકલ રજુ કરતાં તે આધારે વેચાણ ની નોંધ થયેલ.

ત્યારબાદ ગામ દફતરે વારસાઈ ની ફેરફાર નોંધ નં. ૩૯૧૩, તા.૧૮-૦૮-૨૦૦૦ ના રોજ થયેલ. જે બ્લોક નં. ૫૨૬ પૈકી ની ખેતીની જમીનમાં જ.માલિક તરીકે કચરાભાઈ ભુલાભાઈ નું નામ ચાલે છે સદરહુ ખેડુત ખાતેદારનું તા. ૨૯-૦૩-૧૯૯૪ ના રોજ રામોલ ગામે અવસાન થયેલ છે તેની નોંધ અનુ.નં. ૩૩/૩૦/૩/૯૪ થી થયેલી છે. જેમના વારસદારો માં (૧) ખોડાભાઈ કચરાભાઈ (૨) મનુભાઈ કચરાભાઈ એ આપેલી અરજી જવાબ તથા મરણના દાખલા અને પંચો દ્વારા ખાત્રી કરતાં નોંધ થયેલ. જે નોંધ પ્રમાણિત થયેલ.

ત્યારબાદ ગામ દફતરે સહભાગીદાર તરીકે સીધી લીટીના વારસોના નામો દાખલ કરવા ફેરફાર નોંધ નં. ૪૧૩૮, તા.૨૪-૦૬-૨૦૦૪ ના રોજ થયેલ. જે બ્લોક નં. ૫૨૬ ની ખેતીની જમીનમાં હાલમાં રેકર્ડ માં મુરતુજામીયા મોટામીયા કાદરી નું નામ જમીન માલિક તરીકે ચાલે છે. સદરહુ અરજદાર અને ખેડુત ખાતેદાર જાતે ૮૯ વર્ષની ઉંમર ધરાવે છે અને શારિરીક રીતે ઘણા જ અશક્ત છે. તેથી તેઓએ તા. ૧૭-૦૬-૨૦૦૪ ના રોજ એફિડેવીટ કરી તેઓના નામે ગામ હાથીજણ ખાતે ચાલતી ખેતીની જમીનમાં તેમના કાયદેસરના નામ સીધી લીટીના વારસદારોના નામો સહભાગીદાર તરીકે દાખલ કરવાં અંગેની જાહેરાત કરેલી છે. તેમની પત્નિ ને નામે જોહરાબાનું મુરતુજામીયાં મોટામીટાનું તા.૧૬-૦૪-૨૦૦૪ ના રોજ અવસાન થયેલ છે. આ રીતે જોતા અરજદારની અરજી, એફિડેવીટ તથા જવાબ અને પંચો દ્વારા ખાત્રી કરી મુરતુજામીયા મોટામીયાં

# MAHESH B. PANDIT

(B.COM.LL.B.ADVOCATE)

**OFFICE :- S / 5, Saundarya Villa Shopping Center, Opp. Shukan Bunglows, Nikol - Naroda Road, Nava Nikol, Ahmedabad-380049. Mo.9376764751.**



ના વારસો માં (૧) મહંમદ આબીદ મુરતુજામીયા (૨) મોઈનોદીન મુરતુજામીયા તથા (૩) ફરીદાબાનું મુરતુજામીયા ના નામો સહભાગીદાર તરીકે દાખલ કરવા નોંધ થયેલ. જે નોંધ તા. ૨૬-૦૮-૨૦૦૪ ના રોજ પ્રમાણિત થયેલ.

ત્યારબાદ ગામ દફતરે ફેરફાર નોંધ નં. ૪૧૪૮, તા. ૧૦-૦૮-૨૦૦૪ ના રોજ થયેલ. જે બ્લોક નં. ૫૨૬ ની ખેતીની જમીન જે રેકર્ડમાં ભરવાડ અરજણભાઈ છગનભાઈ ના નામે ચાલે છે તે રામોલ સેવા સહકારી મંડળી ના તારણમાં આપી રૂા. ૨,૦૦,૦૦૦/- અંકે રૂપિયા બે લાખ પુરાનું ખેતિ વિષયક ધિરાણ લેતાં રામોલ સેવા સહકારી મંડળી નું તા. ૧૦-૦૭-૨૦૦૪ નું એકરારનામું રજુ કરતા તે આધારે બીજા હક્કમાં બોજાની નોંધ થયેલ. જે નોંધ સર્કલ ઓફિસર કઠવાડાએ પ્રમાણિત કરેલ.

ત્યારબાદ ગામ દફતરે વારસાઈ ની ફેરફાર નોંધ નં. ૪૧૮૭, તા. ૨૫-૦૮-૨૦૦૫ ના રોજ થયેલ. જે બ્લોક નં. ૫૨૬ પૈકીની જમીનના ખાતેદાર શ્રી અમરાભાઈ ભુલાભાઈ ના ખેડ ખાતા નં. ૨૯૨ થી સર્વે નંબર : ૫૨૬ પૈકી વાળી ખેતીની જમીન આવેલ છે. જેઓનું તારીખ : ૦૭/૦૩/૨૦૦૫ ના રોજ અવસાન થતા તેમના સીધી લીટીના વારસદારો (૧) મુળીબેન તે અમરાભાઈ ભુલાભાઈ ની વિધવા પત્ની (૨) કાળુભાઈ અમરાભાઈ (૩) હરીભાઈ અમરાભાઈ (૪) ધીરૂભાઈ અમરાભાઈ (૫) ચીનુભાઈ અમરાભાઈ, ઉપરોક્ત વિગતે ના ક્રમ ૧ થી ૫ (પાંચ) વારસદારોના નામો સોગંદનામાથી જાહેર થતા, આ નામો ખાતામાં દાખલ કરવા અરજી તથા સોગંદનામા આધારે નોંધ થયેલ. જે નોટીસો બજવી, પેઢીનામા સોગંદનામા સિવાયના અન્ય કોઈ વારસદારો નથી જેથી સોગંદનામા આધારે એમ. એમ. રાવ સ. ઓ. કઠવાડા એ તા. ૩૦-૧૧-૨૦૦૫ ના રોજ પ્રમાણિત થયેલ.

ત્યારબાદ ગામ દફતરે હક કમી (નામ કમી) ની ફેરફાર નોંધ નં. ૪૨૧૨, તા. ૨૯-૦૩-૨૦૦૬ ના રોજ થયેલ. જે હાથીજણ ગામે ખેતી ખાતા નં. ૨૯૦ થી બ્લોક નં. ૫૨૬ વાળુ સંયુક્ત ખાતુ જે મુરતુજામીયા મોટામીયા/મહંમદઆબીદ મુરતુજામીયા/મોઈનુદ્દીન મુરતુજામીયા/ફરીદાબાનુ મુરતુજામીયા ના નામે ચાલે છે. જેમાંથી (૧) મહંમદઆબીદ મુરતુજામીયા (૨) મોઈનુદ્દીન મુરતુજામીયા (૩) ફરીદાબાનુ મુરતુજામીયા એ પોતાની રાજીખુશીથી આ ખાતાની જમીન માંથી

# MAHESH B. PANDIT

(B.COM.LL.B.ADVOCATE)

OFFICE :- S / 5, Saundarya Villa Shopping Center, Opp. Shukan Bunglows, Nikol - Naroda Road, Nava Nikol, Ahmedabad-380049. Mo.9376764751.



તેમનો હક્ક હિસ્સો ઉઠાવી લેવા અરજી તથા સોગંદનામા રજુ કરેલ છે તે આધારે હક્ક કમી કરવા નોંધ થયેલ. જે સર્કલ ઓફિસર કઠવાડા એ તા.૦૩-૦૬-૨૦૦૬ ના રોજ પ્રમાણિત કરેલ છે.

ત્યારબાદ ગામ દફતરે બોજા મુક્તિની નોંધ નં. ૪૨૧૪, તા.૦૩-૦૪-૨૦૦૬ ના રોજ થયેલ. જે દસ્ક્રોઈ તાલુકાના મોજે હાથીજણ ગામે ખેડ ખાતા નંબર : ૨૯૦ થી બ્લોક નં. ૫૨૬ વાળી જમીન શ્રી મુરતુજામીયા મોટામીયા ના નામે ચાલતા ખેડ ખાતાની જમીન ઉપર જે તે વખતે હાથીજણ સેવા સહકારી મંડળી માંથી ધિરાણ લેતા તે અંગે જમીન પર બોજા નોંધ કરેલ હતી. અરજદાર તરફથી જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી રૂરલ અમદાવાદ ના પત્ર નં. ધરમ/ચ-૩/૨૯૩/૯૬, તા. ૧૯-૦૨-૯૬ થી ના બાકી નું પ્રમાણપત્ર ઈસ્યુ થતાં તે આધારે અરજી તથા લેણું બાકી ન હોવા અંગે ના રજુ કરેલ દાખલા આધારે આ જમીન ઉક્ત તારણ માંથી મુક્ત કરવા નોંધ થયેલ. જે નોંધ દાખલા આધારે બોજો કમી પ્રમાણિત તા.૦૩-૦૬-૨૦૦૬ ના રોજ સ.ઓ.અસલાલીએ કરેલ.

ત્યારબાદ ગામ દફતરે બોજો દાખલ ની ફેરફાર નોંધ નં. ૪૨૩૨,તા. ૨૪-૦૫-૨૦૦૬ ના રોજ થયેલ. જે દસ્ક્રોઈ તાલુકાના મોજે રામોલ ગામના ખેડુત ખાતેદાર ખેડુતશ્રી અરજણભાઈ છગનભાઈ વિગેરે એ તેમની માલીકી ના ખેડ ખાતા નંબર : ૨૯૧ થી સર્વે નંબર : ૫૬૭ પૈકી, ૫૬૬ પૈકી, ૫૨૬ પૈકી વાળી જમીન ઉપર ધી રામોલ સેવા સહકારી મંડળી લી. માંથી રૂપીયા ૧,૫૦,૦૦૦/- અંકે રૂપીયા એક લાખ પચ્ચાસ હજાર પુરાનું ખેત ધિરાણ મેળવવા જમીન તારણ માં મુકી કરજ લઈ બોજો ઉત્પન્ન કરતા એકરારનામા આધારે ગામ નમુના નં. ૭ ના બીજા હક્કમાં બોજા નોંધ થયેલ. જે નોંધ સર્કલ ઓફિસર અસલાલીએ તા. ૧૫-૦૭-૨૦૦૬ ના રોજ પ્રમાણિત કરેલ છે.

ત્યારબાદ ગામ દફતરે વેચાણ ફેરફારની નોંધ નં. ૪૨૭૭, તા. ૨૧-૧૧-૨૦૦૬ ના રોજ થયેલ. જે બ્લોક નં. ૫૨૬ પૈકી ૧-૫૯-૮૫ વાળી જમીન વેચનાર - મુરતુજામીયા મોટામીયા કાદરી, ખરીદનાર- (૧) કનુભાઈ અરજણભાઈ ભરવાડ (૨) રાજુભાઈ અરજણભાઈ ભરવાડ (૩) વિક્રમભાઈ અરજણભાઈ ભરવાડએ રજીસ્ટર દસ્તાવેજ નંબર : ૪૬૩૨, તા. ૨૨-૦૮-૨૦૦૬ થી રૂપીયા ૪,૭૦,૦૦૦/- અંકે રૂપીયા ચાર લાખ સીત્તેર હજાર પુરા માં વેચાણ આપતા ખરીદનાર તરફથી અરજી તથા રજીસ્ટર દસ્તાવેજની પ્રમાણીત નકલ રજુ કરતા ખરીદનાર ના નામે નામ ફેર કરવા નોંધ થયેલ. જે નોંધ સર્કલ ઓફિસર અસલાલી એ તા. ૧૩-૦૨-૨૦૦૭ ના રોજ પ્રમાણિત કરેલ છે.

M.B. PANDIT AHMEDABAD ADVOCATE

# MAHESH B. PANDIT

(B.COM.LL.B.ADVOCATE)

**OFFICE :- S / 5, Saundarya Villa Shopping Center, Opp. Shukan Bunglows, Nikol - Naroda Road, Nava Nikol, Ahmedabad-380049. Mo.9376764751.**



ત્યારબાદ ગામ દફતરે વેચાણ ફેરફારની નોંધ નં. ૪૨૭૮, તા. ૨૧-૧૧-૨૦૦૬ ના રોજ થયેલ. જે બ્લોક નં. ૫૨૬ પૈકી ૧-૫૨-૭૭ વાળી જમીન વેચનાર - મુરતુજામીયા મોટામીયા કાદરી, ખરીદનાર- (૧) કનુભાઈ અરજણભાઈ ભરવાડ (૨) રાજુભાઈ અરજણભાઈ ભરવાડ (૩) વિક્રમભાઈ અરજણભાઈ ભરવાડ એ રજીસ્ટર દસ્તાવેજ નંબર : ૫૯૬૮, તા.૦૨-૧૧-૨૦૦૬ થી રૂપીયા ૪,૩૦,૦૦૦/- અંકે રૂપીયા ચાર લાખ ત્રીસ હજાર પુરા માં વેચાણ આપતા ખરીદનાર તરફથી અરજી તથા રજીસ્ટર દસ્તાવેજની પ્રમાણીત નકલ રજુ કરતા ખરીદનાર ના નામે નામ ફેર કરવા નોંધ થયેલ. જે નોંધ સર્કલ ઓફિસર અસલાલીએ તા. ૧૩-૦૨-૨૦૦૭ ના રોજ પ્રમાણિત કરેલ છે.

ત્યારબાદ ગામ દફતરે વારસાઈ ની ફેરફાર નોંધ નં. ૪૩૩૯, તા. ૩૦-૦૪-૨૦૦૭ ના રોજ થયેલ. જે મોજે હાથીજણ ગામના ખાતેદાર ખેડુત શ્રી મોહનભાઈ ભુલાભાઈ વિગેરે ના ખેડ ખાતા નં. ૨૯૨ થી બ્લોક નં. ૫૨૬ પૈકી વાળી ખેતીની જમીન આવેલ છે તે પૈકી મોહનભાઈ ભુલાભાઈ નું તારીખ : ૧૪-૦૪-૨૦૦૪ ના રોજ અવસાન થયેલ. તથા તેમની પત્ની કુંવરબેન મોહનભાઈ ભુલાભાઈ ની પત્ની નું તા.૩૦-૦૯-૨૦૦૨ ના રોજ અવસાન થયેલ છે. તેમના સીધી લીટી ના વારસદારો રજુ થયેલ પેઢીનામા આધારે (૧) કાળુભાઈ મોહનભાઈ (૨) લક્ષ્મીબેન મોહનભાઈ, ઉપરોક્ત વિગતે ના ક્રમ ૧ થી ૨ (બે) વારસદારો ના નામો સોગંદનામા થી જાહેર થતા, આ નામો ખાતામાં દાખલ કરવા અરજી તથા પેઢીનામા, મરણના દાખલા, જવાબ પંચનામા આધારે નોંધ થયેલ. જે સર્કલ ઓફિસર અસલાલીએ તા. ૧૨-૦૬-૦૭ ના રોજ પ્રમાણિત કરેલ છે.

ત્યારબાદ ગામ દફતરે ફેરફાર નોંધ નં. ૪૩૫૦, તા. ૩૧-૦૫-૨૦૦૭ ના રોજ થયેલ. જે સદરહુ બ્લોક નં. ૫૨૬ પૈકી માં અરજણભાઈ છગનભાઈ રબારી થઈ ગયેલ તેની જગ્યાએ અરજણભાઈ છગનભાઈ ભરવાડ નામ સુધારવાનો હુકમ થયેલ છે. જે તા.૦૩-૦૭-૨૦૦૭ ના રોજ સર્કલ ઓફિસર અસલાલી દસ્ક્રોઈએ પ્રમાણિત કરેલ છે.

ત્યારબાદ ગામ દફતરે બોજા મુક્તિની ફેરફાર નોંધ નં. ૪૬૦૨, તા. ૧૬-૦૧-૨૦૦૯ ના રોજ થયેલ. જે દસ્ક્રોઈ તાલુકાના મોજે હાથીજણ ગામે ખેડ ખાતા નં. ૨૯૧ થી સર્વે નંબર : ૫૨૬ પૈકી વાળી જમીન શ્રી અરજણભાઈ છગનભાઈ ભરવાડ ના નામે ચાલતા ખેડ ખાતા ની જમીન ઉપર જે તે વખતે ધી રામોલ સેવા સહકારી મંડળી લી. માંથી ધિરાણ લેતા તે અંગે જમીન પર બોજા

# MAHESH B. PANDIT

(B.COM.LL.B.ADVOCATE)

**OFFICE :- S / 5, Saundarya Villa Shopping Center, Opp. Shukan Bunglows, Nikol - Naroda Road, Nava Nikol, Ahmedabad-380049. Mo.9376764751.**




નોંધ કરેલ હતી. અરજદાર તરફથી અરજી તથા લેણુ બાકી ન હોવા અંગે ના રજુ કરેલ દાખલા આધારે આ જમીન ઉક્ત તારણ માંથી બોજા મુક્ત કરવા નોંધ થયેલ. જે નોંધ સર્કલ ઓફિસર અસલાલી દસ્ક્રોઈએ તા. ૨૬-૦૫-૨૦૦૯ ના રોજ પ્રમાણિત કરેલ છે.

ત્યારબાદ ગામ દફતરે વેચાણ ની ફેરફાર નોંધ નં. ૪૭૨૧, તા.૦૧-૧૨-૨૦૦૯ ના રોજ થયેલ. જે સર્વે/બ્લોક નં. ૫૨૬ પૈકી ૦-૭૦-૨૪ વાળી જમીન વેચનાર- (૧) કનુભાઈ અરજણભાઈ ભરવાડ (૨) રાજુભાઈ અરજણભાઈ ભરવાડ, (૩) વિક્રમભાઈ અરજણભાઈ ભરવાડ પાસેથી ખરીદનાર - (૧) કરશનભાઈ સોમાભાઈ ભરવાડ (૨) પોપટભાઈ સોમાભાઈ ભરવાડ (૩) પ્રવિણભાઈ અમરાભાઈ ઉર્ફે અમૃતભાઈ ભરવાડ (૪) નરેશભાઈ અમરાભાઈ ઉર્ફે અમૃતભાઈ ભરવાડ એ રજીસ્ટર દસ્તાવેજ નંબર : ૪૫૪૧, તા.૦૭-૦૭-૨૦૦૭ થી રૂપીયા ૧,૦૦,૦૦૦/- અંકે રૂપીયા એક લાખ પુરામાં વેચાણ આપતાં ખરીદનાર તરફથી આધારો તેમજ અરજી તથા રજીસ્ટર દસ્તાવેજ ની પ્રમાણિત નકલ રજુ કરતા ખરીદનાર ના નામે નામ ફેર કરવા નોંધ થયેલ. જે નોંધ પ્રમાણિત થયેલ છે.

ત્યારબાદ ગામ દફતરે ક્ષતિ પુરતી સુધારા પ્રમોલગ્રેશન અંગે થયેલ હુકમ ની નોંધ નં. ૪૭૯૫, તા.૦૬-૦૫-૨૦૧૦ ના રોજ થયેલ છે. જેમાં સદરહુ બ્લોક નં. ૫૨૬ પૈકી, ખાતા નં. ૨૯૦, ક્ષેત્ર ૫-૮૩-૭૬, આકાર ૪૩.૯૯, ખાતેદાર- મુરતુજામીયા મોટામીયાં કાદરી, ખાતા નં. ૨૯૧, ક્ષેત્ર. ૧-૬૪-૯૨, આકાર ૧૨.૫૭ ખાતેદાર- અરજણભાઈ છગનભાઈ ભરવાડ, ખાતા નં. ૨૯૨, ક્ષેત્ર ૪-૨૨-૯૦, આકાર -૩૨.૨૧, ખાતેદાર - ખોડાભાઈ કચરાભાઈ, કાકુભાઈ ભુલાભાઈ, મનુભાઈ કચરાભાઈ, મુળીબેન અમરાભાઈ, કાળુભાઈ અમરાભાઈ, હરીભાઈ અમરાભાઈ, ધીરૂભાઈ અમરાભાઈ, ચીનુભાઈ અમરાભાઈ, કાળુભાઈ મોહનભાઈ, લક્ષ્મીબેન મોહનભાઈ, ખાતા નં. ૩૯૭, ક્ષેત્ર. ૨-૧૩-૩૧, આકાર-૧૨.૧૧, ખાતેદાર - ખોડાભાઈ કચરાભાઈ, મનુભાઈ કચરાભાઈ, ખાતા નં. ૪૨૯, ક્ષેત્ર. ૨-૪૨-૩૮, આકાર -૨૦.૦૦, ખાતેદાર- કનુભાઈ અરજણભાઈ, રાજુભાઈ અરજણભાઈ, વિક્રમભાઈ અરજણભાઈ ભરવાડ, ખાતા નં. ૫૫૭, ક્ષેત્ર. ૦-૭૦-૨૪, આકાર -૪.૨૨, ખાતેદાર -કરશનભાઈ સોમાભાઈ ભરવાડ, પોપટભાઈ સોમાભાઈ, પ્રવિણભાઈ અમરાભાઈ ઉર્ફે અમૃતભાઈ ભરવાડ, નરેશભાઈ અમરાભાઈ ઉર્ફે

# MAHESH B. PANDIT

(B.COM.LL.B.ADVOCATE)

**OFFICE :- S / 5, Saundarya Villa Shopping Center, Opp. Shukan Bunglows, Nikol - Naroda Road, Nava Nikol, Ahmedabad-380049. Mo.9376764751.**



અમૃતભાઈ ભરવાડ, ઉપર મુજબ સુધારા પ્રમોલગેશન હુકમ ની નોંધ થયેલ. જે નોંધ હુકમ આધારે સર્કલ ઓફિસર અસલાલી એ તા. ૧૪-૦૭-૨૦૧૦ ના રોજ પ્રમાણિત કરેલ છે.

ત્યારબાદ ગામ દફતરે વારસાઈ ની નોંધ નં. ૪૯૪૨, તા.૦૭-૧૨-૨૦૧૦ ના રોજ થયેલ. જે ગામના ખાતેદાર ખેડુતશ્રી કરશનભાઈ સોમાભાઈ ભરવાડ ના ખેડ ખાતા નંબર -૫૫૭ થી બ્લોક નં. ૫૨૬ પૈકી વાળી ખેતી ની જમીન આવેલ છે. તેઓનું તારીખ : ૦૪-૦૩-૨૦૧૦ ના રોજ અવસાન થતા તેમના સીધી લીટીના વારસદારો (૧) શનીબેન કરશનભાઈ ની વિધવા પત્ની (૨) કનુભાઈ કરશનભાઈ (૩) વિશાલભાઈ કરશનભાઈ (૪) નરેન કરશનભાઈ (૫) કંકુબેન કરશનભાઈ (૬) આશાબેન કરશનભાઈ (૭) ગીતાબેન કરશનભાઈ, ઉપરોક્ત વિગતે ના ક્રમ ૧ થી ૭ (સાત) વારસદારો ના નામો સોગંદનામા થી જાહેર થતા, આ નામો ખાતામાં દાખલ કરવા અરજી તથા સોગંદનામા આધારે નોંધ થયેલ. જે સર્કલ ઓફિસર અસલાલી દસ્ક્રોઈએ તા.૦૩-૦૨-૨૦૧૧ ના રોજ થયેલ.

ત્યારબાદ ગામ દફતરે બ્લોક વિભાજનના હુકમની નોંધ નં. ૫૦૦૬, તા. ૨૩-૦૨-૨૦૧૧ ના રોજ થયેલ. જે મોજે હાથીજણ, તા.દસ્ક્રોઈ ના બ્લોક નંબર : ૫૨૬ પૈકી વાળી બિનખેતી ના હેતુ માટે પ્રિમિયમને પાત્ર વાળી જુ.શ. નીકુલ હે. ૧૪ ૮૫-૨૦ ચો.મી. જમીનના કબજેદાર ના ખાતા નંબર મુજબ તેઓના હિસ્સાની જમીનમાં અલગથી વિકાસ કરવા માંગતા હોઈ (૧) ખાતા નં. ૨૯૦ થી ચાલત હે. ૫-૮૩-૭૩ ચો.મી. (૨) ખાતા નં. ૨૯૧ થી ચાલતી હે. ૧ ૬૪ ૯૨ ચો.મી. (૩) ખાતા નં. ૨૯૨ થી ચાલતી હે. ૪-૨૨-૯૦ ચો.મી. તથા (૪) ખાતા નં. ૪૨૯ થી ચાલતી હે. ૨-૪૨-૩૮ ચો.મી. તથા (૫) ખાતા નં. ૫૫૭ થી ચાલતી હે. ૦-૭૦-૨૪ ચો.મી. જમીન મુજબ અલગ-અલગ હિસ્સા કરવા સારૂ અમુખ ૩ ની જોગવાઈઓ હેઠળ બ્લોક વિભાજનની મંજુરી માંગતા ના.કલે.શ્રી વિરમગામ પ્રાંત સાહેબ અમદાવાદ ના હુકમ નંબર એડીએમ/હાથીજણ/બ્લોક વિભાજન/એસઆર નં-૨/૧૧, તા.૧૧-૧-૧૧ થી હુકમ માં જણાવેલ શરત નં. ૧ થી ૧૧ ને આધીન હુકમ થતા હુકમ આધારે નોંધ થયેલ. જે મે.ના.કલેક્ટરશ્રી વિરમગામ પ્રાંતના તા.૧૧-૦૧-૨૦૧૧ ના હુકમ આધારે સ.ઓ.અસલાલી દસ્ક્રોઈ એ તા.૧૩-૦૭-૨૦૧૧ ના રોજ પ્રમાણિત કરેલ છે. (પો.ખ. ૧૦૩ ચો.મી. હોવો જોઈએ)

# MAHESH B. PANDIT

(B.COM.LL.B.ADVOCATE)

OFFICE :- S / 5, Saundarya Villa Shopping Center, Opp. Shukan Bunglows, Nikol - Naroda Road, Nava Nikol, Ahmedabad-380049. Mo.9376764751.




ત્યારબાદ ગામ દફતરે કેજેપી દુરસ્તી ની નોંધ નં. ૫૦૫૨, તા. ૨૫-૦૪-૨૦૧૧ ના રોજ થયેલ. જે દસ્ક્રોઈ તાલુકાના મોજે હાથીજણ ગામના રેવન્યુ સ./બ્લોક નંબર : ૫૨૬ પૈકી નું શ્રી ડી.આઈ.એલ.આર. સાહેબ, અમદાવાદના નંબર કે.જે.પી. દુ.પ.નં. ૪૬, તા. ૨૨-૨-૧૧ થી નીચેની વિગતે કમી જાસ્તીપત્રક ભરાઈ આવતા તેમાં જણાવેલ વિગતે ફેરફાર દાખલ કરવા નોંધ કરી. (૧) બ્લોક નં. ૫૨૬અ, જુનુ ક્ષેત્રફળ - ૦૪-૨૨-૯૦, નવુ ક્ષેત્રફળ - ૦૪-૨૨-૯૦, આકાર - ૩૨.૧૯, (૨) બ્લોક નં. ૫૨૬બ, જુનુ ક્ષેત્રફળ - ૦-૭૦-૨૪, નવુ ક્ષેત્રફળ - ૦-૭૦-૨૪, આકાર - ૫.૩૪, (૩) બ્લોક નં. ૫૨૬ક, જુનુ ક્ષેત્રફળ - ૦૨-૪૨-૩૮, નવુ ક્ષેત્રફળ - ૦૨-૪૨-૩૮, આકાર - ૧૮.૪૫, (૪) બ્લોક નં. ૫૨૬ડ, જુનુ ક્ષેત્રફળ - ૦૧-૬૪-૯૨, નવુ ક્ષેત્રફળ - ૦૧-૬૪-૯૨, આકાર - ૧૨.૫૫ (૫) બ્લોક નં. ૫૨૬ઈ, જુનુ ક્ષેત્રફળ - ૦૫-૮૩-૭૬, નવુ ક્ષેત્રફળ -૦૫-૮૩-૭૬, આકાર - ૪૪.૪૬, કુલ જુનુ ક્ષેત્રફળ ૧૪-૮૪-૨૦, નવુ ક્ષેત્રફળ ૧૪-૮૪-૨૦, આકાર ૧૧૨.૯૯, ઉપરોક્ત વિગતે શ્રી ડી.આઈ.એલ.આર. સાહેબ, અમદાવાદ તરફથી કે.જે.પી. ભરાઈ આવતા કે.જે.પી. આધારે નોંધ થયેલ. જે ડી.ઈ.એલ.આર.શ્રી અમદાવાદના તા. ૨૨-૦૨-૨૦૧૧ ના પત્રથી મોકલેલ દુ.પ.નં. ૪૬ આધારે સર્કલ ઓફિસર અસલાલી દસ્ક્રોઈ એ તા. ૧૮-૦૭-૨૦૧૧ ના રોજ પ્રમાણિત કરેલ છે.

ત્યારબાદ ગામ દફતરે ફેરફાર નોંધ નં ૫૨૯૧, તા.૦૩-૦૫-૨૦૧૨ ના રોજ થયેલ. જે સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક ૫ફર/૧૦૨૦૧૧/૨૭૫/લ/૧, તા. ૧૭-૦૩-૨૦૧૨ થી અમદાવાદ જિલ્લાના સીટી અને દસ્ક્રોઈ તાલુકાના પુનઃગઠન કરી અમદાવાદ તાલુકાના નવા બે તાલુકા અમદાવાદ (પુર્વ) તથા અમદાવાદ (પશ્ચીમ) ની રચના કરવામાં આવેલ જે અન્વયે દસ્ક્રોઈ તાલુકાનું હાથીજણ ગામ અમદાવાદ સીટી (પુર્વ) માં દાખલ કરવા નોંધ થયેલ. સરકારશ્રીના મ.વિ.ના તા. ૧૭-૦૩-૨૦૧૨ ના ઠરાવ તેમજ માન.કલે.શ્રી ના હુકમથી ખાત્રી કરી અનસૂયા જહા સીટી મામલતદાર (પુર્વ)એ તા.૦૫-૦૫-૨૦૧૨ ના રોજ પ્રમાણિત કરેલ છે.

ત્યારબાદ ગામ દફતરે ફેરફાર નોંધ નં. ૫૭૯૫, તા.૩૦-૦૧-૨૦૧૫ ના રોજ થયેલ. જે મોજે હાથીજણ, તા.નારોલ ના સ.નં./બ્લોક નં. ૫૨૬/બ, ટી.પી. ૧૧૬, ફા.પ્લોટ નં. ૪૩/૨, ક્ષેત્રફળ ૪૨૧૪ ચો.મી. નવી શરતની જમીન અંગે મે. જિલ્લા કલેક્ટરશ્રી (ચીટનીશ શાખા) અમદાવાદના હુકમ નં. સીબી/સીટીએસ-૨/ન.શ./પ્રિમીયમ/હાથીજણ/સ.નં.૫૨૬/બ/

# MAHESH B. PANDIT

(B.COM.LL.B.ADVOCATE)

**OFFICE :- S / 5, Saundarya Villa Shopping Center, Opp. Shukan Bunglows, Nikol - Naroda Road, Nava Nikol, Ahmedabad-380049. Mo.9376764751.**




એસઆર. ૫૨૯/૨૦૧૪,તા. ૨૯-૦૧-૨૦૧૫ ના હુકમ મુજબ બિનખેતી ઔધોગિકના હેતુ માટે પ્રિમીયમની રકમ રૂા. ૪૭, ૧૯, ૬૮૦/- પુરા જમીનના કબજેદારશ્રી પોપટભાઈ સોમાભાઈ ભરવાડ વિગેરેએ ભરપાઈ કરી આપતાં બીનખેતી ઔધોગિકના હેતુ માટે નવી શરતના નિયંત્રણોના હેતુફેર કરવા માટે જમીન મહેસુલ અધિનિયમ તથા અન્ય કાયદાકીય જોગવાઈઓની શરતોને આધિન નિયંત્રણોમાંથી મુક્તિ આપવા આથી હુકમ કરવામાં આવે છે.

ત્યારબાદ ગામ દફતરે ફેરફાર નોંધ નં. ૫૮૦૭, તા.૦૨-૦૩-૨૦૧૫ ના રોજ થયેલ. જે જીલ્લા કલેક્ટરશ્રી અમદાવાદ ના બીનખેતીની હુકમ નં.સીબી/એડીએમ/ત.બિ.ખે./તત્કાલ/ક-૬૫/ એસ.આર.૫૬/૨૦૧૫, તા. ૨૭/૦૨/૨૦૧૫ ના હુકમથી મોજે હાથીજણ તા.સીટી (પુર્વ) ના બ્લોક નં. ૫૨૬/બ, ટી.પી. નં. ૧૧૬, ફા.પ્લોટ નં. ૪૩/૨ ની ૪૨૧૪ ચો.મી. જમીન ઔધોગિકના હેતુ માટે બીનખેતીનો ઉપયોગ કરવા અરજદારશ્રી પોપટભાઈ સોમાભાઈ ભરવાડ રહે. હીરાવાડી, અમદાવાદ ને જમીન મહેસુલ કાયદા કલમ-૬૫ હેઠળ આપવામાં આવેલ બીનખેતી પરવાનગી હુકમ આધારે આ નોંધ પાડવામાં આવી. આ જમીન નો વાર્ષિક બિનખેતી આકાર પ્રતિ ચો.મી. ૪૦ પૈસા ઠરાવેલ છે. જેથી ૪૨૧૪ ચો.મી. જમીનનો વાર્ષિક બિનખેતી આકાર રૂા. ૧૬૮૬/- થાય છે. ઉપરોક્ત બીનખેતી હુકમ/મંજુર થયેલ લે-આઉટ પ્લાનમાં આ જમીનનો ઔધોગિક હેતુ-૪૨૧૪ ચો.મી. બીનખેતી હેતુ માટે ઉપયોગ કરવા માટે આ બિનખેતી પરવાનગી આપવામાં આવેલ છે. જે નોંધ તા.૦૬-૦૪-૨૦૧૫ ના રોજ પ્રમાણિત કરેલ છે.

ત્યારબાદ બ્લોક નં. ૫૨૬/બ ની કુલ ૭૦૨૪ ચો.મી. જમીનનો ટી.પી. નં. ૧૧૬ માં સમાવેશ થતા તેને ફાળવવામાં આવેલ ફા.પ્લોટ નં. ૪૩/૨ ની ૪૨૧૪ ચો.મી. ની જમીન (૧) પોપટભાઈ સોમાભાઈ ભરવાડ (૨) પ્રવિણભાઈ અમરાભાઈ ઉર્ફે અમૃતભાઈ ભરવાડ (૩) નરેશભાઈ અમરાભાઈ ઉર્ફે અમૃતભાઈ ભરવાડ (૪) શનીબેન કરશનભાઈ (૫) કનુભાઈ કરશનભાઈ (૬) વિશાલ કરશનભાઈ (૭) નરેન કરશનભાઈ (૮) કંકુબેન તે કરશનભાઈ ની દીકરી તે સુરેશભાઈ રામાભાઈ ની પત્નિ (૯) આશાબેન તે કરશનભાઈ ની દીકરી તે જંયતિભાઈ અજાભાઈ ની પત્નિ (૧૦) ગીતાબેન તે કરશનભાઈ ની દીકરી તે અશોકભાઈ કમશીભાઈ ની પત્નિ પાસેથી (૧) સાર્થક જગદીશભાઈ ચંદારાણા (૨) મુકેશભાઈ ભગવાનજીભાઈ ચંદારાણા એ

# MAHESH B. PANDIT

(B.COM.LL.B.ADVOCATE)

**OFFICE :- S / 5, Saundarya Villa Shopping Center, Opp. Shukan Bunglows, Nikol - Naroda Road, Nava Nikol, Ahmedabad-380049. Mo.9376764751.**




રજીસ્ટર્ડ બાનાખતનો કરાર જે સબ-રજીસ્ટ્રાર કચેરી અમદાવાદ-૧૩ (સીટી) ખાતે અનુક્રમ નં. ૧૮૬૮, તા. ૨૫-૦૯-૨૦૧૪ ના રોજ નોંધાવી કરેલ.

ત્યારબાદ ગામ દફતરે વેચાણ ફેરફાર નોંધ નં. ૫૮૧૩, તા.૦૫-૦૩-૨૦૧૫ ના રોજ થયેલ. જે બ્લોક નં. ૫૨૬/બ ની કુલ ૭૦૨૪ ચો. મી. જમીનનો ટી. પી. નં. ૧૧૬ માં સમાવેશ થતા તેને ફાળવવામાં આવેલ ફા. પ્લોટ નં. ૪૩/૨ ની ૪૨૧૪ ચો. મી. ના ક્ષેત્રફળ ની ઔદ્યોગીકના હેતુ સારૂ બીનખેતીની જમીન વેચાણ આપનાર : (૧) પોપટભાઈ સોમાભાઈ ભરવાડ (૨) પ્રવિણભાઈ અમરાભાઈ ઉર્ફે અમૃતભાઈ ભરવાડ (૩) નરેશભાઈ અમરાભાઈ ઉર્ફે અમૃતભાઈ ભરવાડ (૪) શનીબેન કરશનભાઈ (૫) કનુભાઈ કરશનભાઈ (૬) વિશાલ કરશનભાઈ (૭) નરેન કરશનભાઈ (૮) કંકુબેન તે કરશનભાઈ ની દીકરી તે સુરેશભાઈ રામાભાઈ ની પત્નિ (૯) આશાબેન તે કરશનભાઈ ની દીકરી તે જંયતિભાઈ અજાભાઈ ની પત્નિ (૧૦) ગીતાબેન તે કરશનભાઈ ની દીકરી તે અશોકભાઈ કમશીભાઈ ની પત્નિ, વેચાણ રાખનાર - (૧) સાર્થક જગદીશભાઈ ચંદારાણા (૨) મુકેશભાઈ ભગવાનજીભાઈ ચંદારાણા, એ રજી. વેચાણ દસ્તાવેજ નં. ૧૬૭૫, તા.૦૩/૦૩/૨૦૧૫ ના રોજ અંકે રૂા. ૧,૧૮,૦૦,૦૦૦/- પુરામાં વેચાણ થતા અરજદારની અરજી સાથે રજી. વેચાણ દસ્તાવેજની નકલ તથા ઈન્ડેક્ષની નકલ આધારે વેચાણની નોંધ થયેલ. જે તા. ૧૩-૦૪-૨૦૧૫ ના રોજ પ્રમાણિત થયેલ છે.

ત્યારબાદ ગામ દફતરે વેચાણ ફેરફારની નોંધ નં. ૬૪૨૪, તા. ૧૯-૧૦-૨૦૧૮ ના રોજ થયેલ. જે બ્લોક નં. ૫૨૬/બ ની ૭૦૨૪ સ.ચો.મી. જમીન જેનો સમાવેશ ટી.પી. નં. ૧૧૬ માં થતા ૨૮૧૦ સ.ચો.મી. કપાતમાં ગયેલ બાકી રહેતી જમીનને ફા. પ્લોટ નં. ૪૩/૨ આપવામાં આવેલ જેનું ક્ષેત્રફળ ૪૨૧૪ સ.ચો.મી. ના ઔધોગીક હેતુની બીનખેતીની જમીન વેચાણ આપનાર- (૧) સાર્થક જગદીશભાઈ ચંદારાણા (૨) મુકેશભાઈ ભગવાનભાઈ ચંદારાણા પાસેથી વેચાણ રાખનાર : શુભલક્ષ્મી ડેવલોપર્સ એ રજી. વેચાણ દસ્તાવેજ નં. ૧૪૦૯૪, તા. ૨૮/૦૯/૨૦૧૮ ના રોજ અંકે રૂા. ૧,૭૫,૦૦,૦૦૦/- પુરામાં વેચાણ થતા અરજદારની અરજી સાથે રજી. વેચાણ દસ્તાવેજની નકલ તથા ઈન્ડેક્ષની નકલ આધારે વેચાણની નોંધ થયેલ. જે તા. ૦૫-૧૨-૨૦૧૮ ના રોજ પ્રમાણિત કરેલ છે.

MAHESH B. PANDIT AHMEDABAD ADVOCATE

ત્યારબાદ ગામ દફતરે વેચાણ ફેરફાર અંગેની નોંધ નં. ૬૭૨૯, તા.૦૩-૦૩-૨૦૨૦ના રોજ થયેલ. જે બ્લોક નં. ૫૨૬/બ ની ૭૦૨૪ સ.ચો.મી. જમીન જેનો સમાવેશ ટી.પી. નં. ૧૧૬ (રામોલ-ગેરતનગર-હાથીજણ) માં થતા ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નંબર : ૪૩/૨ ની ૪૨૧૪ ચો.મી. ક્ષેત્રફળની ઔધોગિક હેતુની બીનખેતીની જમીન તથા તેની સાથે જોડાયેલ તમામ પ્રકારના હક્કો હિતો સહિતની કુલ સઘળી બિનખેતીની જમીન મેસર્સ શુભલક્ષ્મી ડેવલોપર્સ એ નામની ભાગીદારી પેઢી તેના વતી અને તરફથી તેના તમામ ભાગીદારો (૧) પટેલ વિષ્ણુભાઈ રામભાઈ (૩૫ ટકાના હિસ્સાના ભાગીદાર તરીકે), (૨) પટેલ ભરતભાઈ શંકરલાલ (૨૦ ટકાના હિસ્સાના ભાગીદાર તરીકે), (૩) પટેલ રજનીશકુમાર શંકરલાલ (૨૦ ટકાના હિસ્સાના ભાગીદાર તરીકે), (૪) મોટકા જતિન વાસુદેવભાઈ (૧૫ ટકાના હિસ્સાના ભાગીદાર તરીકે), (૫) પટેલ શિવરામભાઈ મફતલાલ (૧૦ ટકાના હિસ્સાના ભાગીદાર તરીકે) પાસેથી વેચાણ રાખનાર- મેસર્સ માનસી ડેવલોપર્સ એ નામની ભાગીદારી પેઢી વતી અને તરફથી તેના વહિવટકર્તા ભાગીદાર શ્રી રાજેશભાઈ બાબુભાઈ બોરડ એ વેચાણ રાખેલ. જે અંગેનો પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ સબ-રજીસ્ટ્રાર કચેરી અમદાવાદ-૧૧ (અસલાલી) ખાતે અનુક્રમ નં. ૨૫૮૪, તા. ૨૫-૦૨-૨૦૨૦ ના રોજ રૂા. ૨,૧૦,૦૦,૦૦૦/- પુરામાં વેચાણ રાખેલ. જે વેચાણ દસ્તાવેજ તથા ઈન્ડેક્ષ નકલને આધારે વેચાણની નોંધ થયેલ. જે તા. ૨૪-૦૪-૨૦૨૦ ના રોજ પ્રમાણિત કરેલ છે.

ત્યારબાદ સદરહુ ઔધોગિક બીનખેતીની જમીન ઉપર એપ્રુવ્ડ એન્જીનીયર થ્રુ ઔધોગીક બાંધકામના હેતુ માટે અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળમાં પ્લાન મુકતા અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ તરફથી નમુનો - ધ, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો ૧૯૭૯, નિયમ-૧૦, હેઠળ વિકાસ માટે પરવાનગી જેનો ક્રમાંક નં. ૧૪૫૪૩૯૨/૬/૨૦૨૦/૨૨૪, તારીખ : ૧૯/૦૮/૨૦૨૦ ના રોજ મદદનીશ નગર નિયોજક અને સીનીયર નગર નિયોજક જે અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ અમદાવાદ તરફથી વિકાસ માટેની પરવાનગી જેમાં બ્લોક-એ માં ૧૦, બ્લોક-બી માં ૧૪, બ્લોક-સી માં ૦૬, બ્લોક-ડી માં ૧૩, અને બ્લોક ઈ માં ઈલેક્ટ્રીક સબ સ્ટેશન આમ કુલ્લે-૪૩ ઈન્ડસ્ટ્રીયલ શેડો બાંધકામ કરવા માટેની પરવાનગી મેળવેલ છે.

# MAHESH B. PANDIT

(B.COM.LL.B.ADVOCATE)

**OFFICE :- S / 5, Saundarya Villa Shopping Center, Opp. Shukan Bunglows, Nikol - Naroda Road, Nava Nikol, Ahmedabad-380049. Mo.9376764751.**



આમ, સદરહુ ઔધોગીકના હેતુ માટેની બીનખેતીની જમીનના છેલ્લા કબજેદાર તરીકે **મેસર્સ માનસી ડેવલોપર્સ** એ નામની ભાગીદારી પેઢી અને તેના ભાગીદારો જણાઈ આવે છે. જેમાં પેઢીના ભાગીદારો ભાગીદારી દસ્તાવેજ મુજબ (૧) શ્રી રતિભાઈ જેઠાભાઈ બોરડ (૨) શ્રી યશ રતિભાઈ બોરડ (૩) શ્રી રાજેશભાઈ બાબુભાઈ બોરડ (૪) શ્રી પ્રમોદકુમાર શિવલાલ વસીયાણી (૫) શ્રી અતુલકુમાર શિવલાલ વસીયાણી (૬) શ્રી શૈલેષભાઈ વિનુભાઈ હરખાણી (૭) શ્રી રોહિત સવજીભાઈ વેકરીયા (૮) શ્રી આનંદ ભુપેન્દ્રભાઈ કુંભાણી (૯) શ્રી અજય મહેન્દ્રભાઈ વઘાસીયા (૧૦) શ્રી નિલેશભાઈ વિનુભાઈ હરખાણી (૧૧) શ્રી નરોત્તમભાઈ પરસોત્તમભાઈ વસોયા છે. અને તે તમામ વતી અને તરફથી તેમના વહીવટકર્તા ભાગીદાર તરીકે, રાજેશભાઈ બાબુભાઈ બોરડ નું નામ રેવન્યુ રેકર્ડમાં ચાલે છે.

અને સદરહુ બ્લોક નં. ૫૨૬/બ ની સ્પોર્ટ વિઝીટ તા.૦૫-૧૦-૨૦૨૦ ના રોજ સાંજે ૫-૧૦ વાગ્યે કરેલ છે સાથે માનસી ડેવલોપર્સ ના ભાગીદાર ના પુત્ર નિરવ રતીલાલ બોરડ એ આવી જમીન બતાવેલ. અને સ્થળ તપાસ કરેલ છે. જે ટાઈમે સ્પોટ ઉપર પાયાનું ખોદકામ ચાલતુ હતુ. અને સ્થળ તપાસ પુર્ણ કરેલ છે. જે સ્થળ ઉપર જોવાથી માલુમ પડેલ છે.

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદ, સબ-ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૧૧ (અસલાલી) ના વટવા તાલુકાના મોજે હાથીજણ ની સીમના બ્લોક નં. ૫૨૬/બ ની ૭૦૨૪ ચો. મીટર ક્ષેત્રફળ ની જમીનનો સમાવેશ ડ્રાફટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૧૧૬ (રામોલ-ગેરતનગર-હાથીજણ) માં થતાં ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નં. ૪૩/૨ ની ૪૨૧૪ ચો. મીટર ક્ષેત્રફળ ની ઔધોગિક હેતુ માટેની બિનખેતીની જમીન તથા તેની સાથે જોડાયેલ તમામ પ્રકારના હક્કો, હિતો, સહિતની કુલ સઘળી બિનખેતીની જમીન અંગેનુ તમામ સરકારી, અર્ધસરકારી, તલાટી કમ મંત્રી તેમજ સબ-રજીસ્ટ્રાર સાહેબની કચેરી વિભાગ-૧ તથા વિભાગ-૫ (નારોલ) તેમજ વિભાગ-૧૧ (અસલાલી) તથા વિભાગ-૧૩(સીટી તાલુકા ખેતી) તેમજ અન્ય લાગતા વળગતા સરકારી અર્ધ સરકારી રેકર્ડની છેલ્લા ૩૦ વર્ષના ચકાસણી કરીને તેમજ કબજેદારો તરફથી આપવામાં આવેલ ગામ નમુનો ૭/૧૨ તથા ગામ નમુનો ૬ ના હક્કપત્રક તેમજ ગામ નમુનો ૮/અ ની નકલો તથા માહિતીના પરીણામે મજકુર ઔધોગીક બીનખેતીની જમીન બાબતે અમો નીચે મુજબનો રીપોર્ટ આપીએ છીએ. અમોએ

# MAHESH B. PANDIT

(B.COM.LL.B.ADVOCATE)

**OFFICE :- S / 5, Saundarya Villa Shopping Center, Opp. Shukan Bunglows, Nikol - Naroda Road, Nava Nikol, Ahmedabad-380049. Mo.9376764751.**




આપેલ રીપોર્ટ જમીનના માલીકોએ આપેલ દસ્તાવેજી પુરાવા તેમજ માહિતીને આધારે આપવામાં આવેલ છે. મજકુર જમીનના રેકર્ડ અંગે સબ-રજીસ્ટ્રારશ્રીની કચેરી વિભાગ-૧ તથા વિભાગ-૫ (નારોલ) તેમજ વિભાગ-૧૧ (અસલાલી) તથા વિભાગ-૧૩(સીટી તાલુકા ખેતી) ના રેકર્ડમાં ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરેલ. જેમાં કોઈ વાંધાજનક નોંધ મળી આવેલ નથી. વધુમાં સબ-રજીસ્ટ્રાર કચેરી અમદાવાદ-૧૧ (અસલાલી) ખાતે સર્ચ કરતા મેસર્સ માનસી ડેવલોપર્સ એ નામની ભાગીદારી પેઢી વતી અને તરફથી તેના વહિવટકર્તા ભાગીદાર શ્રી રાજેશભાઈ બાબુભાઈ બોરડએ ટોરેન્ટ પાવર લી. ને અનુક્રમ નં. ૭૭૩૫, તા.૦૭-૦૯-૨૦૨૦ ના રોજ માત્ર વપરાશનો હક્ક પુરતો ભાડા પટ્ટો ૧૨.૯૮ ચો.મી. પુરતો કરી આપેલ છે. જે સર્ચ કરતા માલુમ પડેલ છે.

ત્યારબાદ મજકુર ઔધોગીક બીનખેતીની જમીન અંગે અમોએ દૈનીક પેપર "સંદેશ" તા.૦૯-૦૯-૨૦૨૦ ના રોજ એક જાહેર નોટીસ છપાવેલ. જેના અનુસંધાને કોઈ વાંધો કે અન્ય તકરાર મળેલ નથી કે પત્ર દ્વારા કે ટપાલ દ્વારા કોઈ વ્યક્તિનો વાંધો મળેલ નથી. કે અમોને ટાઈટલ ક્લિયર બાબતે અમારો અભિપ્રાય આપવા માટે કોઈએ રોકેલ નથી કે લેખિત માં આપેલ નથી. તેમજ ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટીઝ એક્ટની ૧૮૮૨ ની કલમ-૫૨ અન્વયે લીસ પેન્ડન્સીની નોટીસ સબ-રજીસ્ટ્રાર કચેરીમાં કોઈએ નોંધાવેલ નથી.

આમ, ઉપરોક્ત જમીન બાબતે અમોને આપવામાં આવેલી માહિતી અને દસ્તાવેજી પુરાવાના આધારે રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદ, સબ-ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૧૧ (અસલાલી) ના વટવા તાલુકાના મોજે હાથીજણ ની સીમના બ્લોક નં. ૫૨૬/બ ની ૭૦૨૪ ચો.મીટર ક્ષેત્રફળ ની જમીનનો સમાવેશ ડ્રાફટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૧૧૬ (રામોલ-ગેરતનગર-હાથીજણ) માં થતાં ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નં. ૪૩/૨ ની ૪૨૧૪ ચો.મીટર ક્ષેત્રફળ ની ઔધોગિક હેતુ માટેની બિનખેતીની જમીન તથા તેની સાથે જોડાયેલ તમામ પ્રકારના હક્કો, હિતો, સહિતની કુલ સઘળી બિનખેતીની જમીન જે ખુંટ ચાર વચલી મીલકત.

**<u>ફા.પ્લોટ નં. ૪૩/૨ ની જમીનના ખુંટ ચારની વિગત જે :</u>**

પૂર્વે :- ફાઈનલ પ્લોટ નં. ૪૩/૫ પૈકીની જમીન આવેલ છે.

પશ્ચિમે :- ૯ મીટર ટી.પી. રોડ આવેલ છે.

# MAHESH B. PANDIT

(B.COM.LL.B.ADVOCATE)

**OFFICE :- S / 5, Saundarya Villa Shopping Center, Opp. Shukan Bunglows, Nikol - Naroda Road, Nava Nikol, Ahmedabad-380049. Mo.9376764751.**




ઉત્તરે :- ફાઈનલ પ્લોટ નં. ૪૩/૫ પૈકીની જમીન ત્યારબાદ ૯ મી ટી. પી. રોડ આવેલ છે.

દક્ષિણે :- ૯ મી. ટી. પી. રોડ આવેલ છે.

<u>સર્ચ રીસીપ્ટ નંબર :-</u>

૧.. પહોંચ નં. ૨૦૨૦૦૦૨૦૧૭૦૦૪, તા. ૧૯-૦૯-૨૦૨૦, અમદાવાદ-૧ (સીટી)

૨.. પહોંચ નં. ૨૦૨૦૦૦૫૦૧૫૭૮૧, તા. ૧૯-૦૯-૨૦૨૦-, અમદાવાદ-૫(નારોલ)

૩.. પહોંચ નં. ૨૦૨૦૩૧૧૦૧૭૮૩૨, તા. ૧૮-૦૯-૨૦૨૦, અમદાવાદ-૧૧ (અસલાલી)

૪.. પહોંચ નં. ૨૦૨૦૩૧૩૦૦૪૦૧૩, તા. ૧૮-૦૯-૨૦૨૦, અમદાવાદ-૧૩(સીટી તાલુકા)

આમ, ઉપરોક્ત જમીન બાબતે અમોને આપવામાં આવેલી માહિતી અને દસ્તાવેજી પુરાવાના આધારે રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદ, સબ-ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૧૧ (અસલાલી) ના વટવા તાલુકાના મોજે હાથીજણ ની સીમના બ્લોક નં. ૫૨૬/બ ની ૭૦૨૪ ચો. મીટર ક્ષેત્રફળ ની જમીનનો સમાવેશ ડ્રાફટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૧૧૬ (રામોલ-ગેરતનગર-હાથીજણ) માં થતાં ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નં. ૪૩/૨ ની ૪૨૧૪ ચો. મીટર ક્ષેત્રફળ ની ઔધોગિક હેતુ માટેની બિનખેતીની જમીન તથા તેની સાથે જોડાયેલ તમામ પ્રકારના હક્કો, હિતો, સહિતની કુલ સઘળી બિનખેતીની જમીન ઉપર હાલમાં કોઈપણ પ્રકારનો બોજો જણાય આવેલ નથી. તેમજ આ જમીનના ટાઈટલ ક્લીયર અને સેલેબલ છે.

આ રીપોર્ટ આજ રોજ તા.૦૬, માહે, ઓક્ટોબર-૨૦૨૦ ના રોજ શહેર અમદાવાદ ખાતે આપવામાં આવેલ છે. સ્થળ : અમદાવાદ.

6.10.20

MAHESH B. PANDIT (stamp: AHMEDABAD, ADVOCATE)

**MAHESH B. PANDIT**
**B.Com, LLB, Advocate**
5, Saundarya Villa Shopping Center,
Opp. Shukan Bung., Nikol-Naroda
~~Road, Nikol, Ahmedabad-382350.~~
**મહેશ બી. પંડીત (એડવોકેટ)**
G/1716/2001

Scanned by CamScanner